**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : આરતી ભટ્ટ**

**ડીઇઓ : પ્રદીપ ચાવડા**

**તારીખ : 28-05-2024** **સમય : સાંજે 6.25 વાગ્યે**

---

## <u>ગેમઝોન આગ : F.S.L. ડીએનએ મેચિંગ કામગીરી</u>

રાજકોટમાં ટી.આર.પી. ગેમઝોનની આગ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોના મૃતદેહ પોસ્ટમોર્ટમ અને DNA મેચ થયા બાદ તેમના સગાંઓને સોંપવાની કામગીરી કરવામાં આવી રહી છે. ગાંધીનગર FSLમાંથી D.N.A. મેચિંગનો અહેવાલ આવ્યા પછી સગાંઓને મૃતદેહ સોંપાઈ રહ્યા છે.

મૃતકોના પાર્થિવ દેહ તેમના પરિવારજનોને સત્વરે મળી રહે તે માટે 18થી વધુ સભ્યોની FSL ટીમ દિવસરાત કામગીરી કરી રહી છે. મોટરમાર્ગે સમય ન બગડે તે માટે તાત્કાલિક એર એમ્બુલન્સ દ્વારા નમૂના પહોંચાડવામાં આવ્યા હતા.

અત્યાર સુધીમાં કુલ 17 મૃતદેહોના DNA મેચિંગના આધારે ઓળખવામાં આવ્યા છે. આ ઓળખ કર્યા બાદ આઠ મૃતદેહ સ્વજનોને સોંપવામાં આવ્યા છે. F.S.L.નો અહેવાલ આવે ત્યારે પોલીસ દ્વારા

દર્દીઓના સગાઓનો સામેથી સંપર્ક કરીને બોલાવી તેમને વિધિવત્ રીતે મૃતદેહ સોંપવામાં આવી રહ્યા છે. મૃતદેહની સોંપણી કરવાથી લઈને અંતિમવિધિ સુધીની પ્રક્રિયામાં મદદ માટે એક નાયબ મામલતદાર અને એક પોલીસ સબ ઇન્સ્પેક્ટર સહિતની પોલીસ ટીમ સાથે રહે તે પ્રકારની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------------

## નમો લક્ષ્મી યોજના

ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા નમો લક્ષ્મી યોજના અંતર્ગત પોર્ટલ લોંચ કરવામાં આવ્યું છે. જેમાં ધો.9થી 12 મા અભ્યાસ કરતી તમામ દીકરીઓને આ યોજનાનો લાભ મળશે. ચાર વર્ષ દરમિયાન 50 હજાર રૂપિયાની શિષ્યવૃત્તિ દીકરી અને માતાના સંયુક્ત ખાતામાં જમા થશે. ધો. 8 મા સરકારી ગ્રાન્ટિંગ એડ શાળામાં અથવા તો નોન ગ્રાન્ટેડ ખાનગી શાળામાં આરટીઇ અંતર્ગત પ્રવેશ મેળવ્યો હોય તેમજ સેલ્ફ ફાયનાન્સ શાળામાં અભ્યાસ કરેલો હોય તો 6 લાખ રૂપિયા સુધીની વાર્ષિક આવક મર્યાદા છે. આ યોજના માટે લિવિંગ સર્ટિફિકેટ, જન્મનો પ્રમાણપત્ર, માતા અને દીકરીનું આધારકાર્ડ તેમજ બેન્ક એકાઉન્ટની પાસબૂક , કેન્સલ ચેક, દસ્તાવેજ તરીકે આપવાના રહેશે. જનધન

યોજના અંતર્ગત ખોલાવેલ બેન્ક એકાઉન્ટ માન્ય રહેશે અને દીકરીની શાળામાં 80 ટકા હાજરી અનિવાર્ય છે.

**N.P. આરતી ભટ્ટ**

---

## ભુજ-મુંબઇ વિમાની સેવા

હાલમાં વેકેશનના કારણે દૈનિક સવારે ભુજથી મુંબઈ જતી બંને ફ્લાઈટ હાઉસફુલ હોય છે તેમજ એર ઇન્ડિયાની ફ્લાઇટ કનેક્ટિંગમાં લંડન જતી હોઈ NRI પ્રવાસીઓનો પણ ધસારો હોય છે તેવામાં હાલે એરપોર્ટ વિસ્તૃતિકરણનું કામ ચાલી રહ્યું છે જેથી પ્રવાસીઓને વહેલા આવવા અનુરોધ કરાયો છે ટીકીટમાં મુસાફરોને 2 કલાક વહેલા આવવા સુચન કરાય છે. NRI પ્રવાસીનો લગેજ મોકલી મુંબઈથી ક્લિયરન્સ લેવાનું હોય છે ત્યારે સવારે સાડા 6-સાતના અરસામાં આવી વ્યવસ્થામાં સહકાર આપવા પેસેન્જર એસોસિએશન દ્વારા જણાવાયું છે.

**N.P. આરતી ભટ્ટ**

---

## રતનાલ-આઇટીઆઇ પ્રવેશ

કચ્છ જિલ્લામાં રતનાલ આઈ.ટી.આઈ ખાતે વર્ષ ૨૦૨૪માં પ્રવેશ માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ વ્યવસાયિક કોર્ષ

જેવા કે ફીટર, વેલ્ડર, કોપા, હેલ્થ સેનેટરી ઈન્સ્પેક્ટર, કોમ્પ્યુટર હાર્ડવેર એન્ડ નેટવર્ક મેન્ટેનન્સ, સુઈંગ ટેક્નોલોજી, વાયરમેન, ઇલેક્ટ્રીશિયન વગેરેમાં પ્રવેશ મેળવવા માટે ઓનલાઇન અરજી કરી શકશે.

આ માટે પ્રવેશ ફોર્મ https://itiadmission.gujarat.gov.in/ વેબસાઇટ ઉપર છેલ્લી તા. 13 મી જૂનના સાંજે 5 કલાક સુધીમાં ભરી શકાશે તેમ આચાર્યશ્રી, રતનાલ આઈ.ટી.આઈ દ્વારા જણાવાયું છે.

**માહિતી ખાતુ**

---

## માંડવી-વહીવટી અધિકારીઓની બેઠક

માંડવી શહેર તથા ગ્રામ્ય વિસ્તારોમાં અતિ ભારે વરસાદ પડ્યા બાદ લોકોને કોઇ મુશ્કેલીઓનો સામનો ન કરવો પડે તે માટે માંડવીની મામલતદાર કચેરીએ તમામ વહીવટી અધિકારીઓની હાજરીમાં પ્રિ-મોન્સુન સમીક્ષા બેઠક યોજાઇ હતી જેમાં વિવિધ મુદ્દે ચિંતન કરવામાં આવ્યું હતું.

**N.P. આરતી ભટ્ટ**

---

## જવાનોને-એર કુલર ભેટ

કચ્છ જિલ્લા ગામ વિકાસ સમિતિ ગોધરાના માધ્યમે દાતાઓના સહકારથી સરહદની રક્ષા કરતા જવાનો માટે સેવાકાર્ય કરાયું હતું. ગરમીમાં જવાનો માટે 10 એર કૂલરની માગણીને ધ્યાને લેતા દાતાઓએ સહયોગ આપ્યો હતો.

**N.P. આરતી ભટ્ટ**

---

## હવામાન વિભાગ આગાહી

હવામાન વિભાગે ગઇકાલે આગાહી કરી હતી કે, આ વર્ષે નૈઋત્યના ચોમાસામાં સરેરાશ કરતા વધુ સારો વરસાદ પડશે જેથી ખેતી તેમજ ઇકોનોમીને ફાયદો થશે. તદઉપરાંત વેસ્ટન ડિસ્ટબન્સના નવા તબક્કાના કારણે આગામી ત્રણ દિવસ પછી જ્યાં અત્યંત ગરમી પડી રહી છે ત્યાં લોકોને રાહત મળશે. જેમાં રાજસ્થાન અને ગુજરાતના વિસ્તારોનો સમાવેશ થાય છે. જ્યાં આગામી દિવસોમાં ગરમીથી રાહત મળશે.

**N.P. આરતી ભટ્ટ**

---

## ભચાઉ : કારકિર્દી માર્ગદર્શન સેમિનાર

ભચાઉ ખાતે નવજીવન પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ. માધ્યમિક સ્કૂલ, પરમશાંતિ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ અને ભારત વિકાસ પરિષદના સંયુક્ત ઉપક્રમે સવારે કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાશે.

**N.P. આરતી ભટ્ટ**

--------------------------------------------------------------------------